RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 274 * Date: 24.07.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# યુકેના વિઝાના નિયમો બદલાયા: સેટલમેન્ટનો સમય બમણો



બ્રિટનની લેબર પાર્ટીની સરકારે નેટ માઈગ્રેશન ઘટાડવા, સ્થાનિકોને વધુ નોકરીઓ આપવા અને ઈમિગ્રેશન સિસ્ટમ પર કડક નિયંત્રણ રાખવા માટે ૨૨ જુલાઈ, ૨૦૨૫ થી તેના ઈમિગ્રેશન નિયમોમાં ફેરફાર કર્યા છે. આ નવા નિયમોથી ભારત અને ચીન સહિત અનેક દેશોના વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ માટે પડકારો વધશે. યુકેના ગૃહ મંત્રાલયે ૮૨ પાનાના વ્હાઈટ પેપરમાં આ ફેરફારોને વિગતવાર સમજાવ્યા છે. આ ફેરફારો મુખ્યત્વે સ્કિલ્ડ વર્કર વિઝા, સ્ટુડન્ટ વિઝા અને કાયમી નિવાસના નિયમો પર કેન્દ્રિત છે. એવામાં જાણીએ કે આ નિયમો શું છે.

બ્રિટનના નવા ઈમિગ્રેશન નિયમો અનુસાર, સ્કિલ્ડ વર્કર વિઝા મેળવવા માટે હવે નોકરીનું સ્તર ઈઊક્ષ (રિક્વાયર્ડ ક્વૉલિફિકેશન્સ ફ્રેમવર્ક) લેવલ ૬ (ગ્રેજ્યુએટ લેવલ) હોવું ફરજિયાત છે, જે પહેલાં ઈઊક્ષ લેવલ ૩ (ધો. ૧૨ સમકક્ષ) હતું. આનો અર્થ એ છે કે હવે માત્ર ડિગ્રી-લેવલની નોકરીઓ ધરાવતા લોકો જ વિઝા મેળવી શકશે. આ ફેરફારથી હોસ્પિટાલિટી, લોજિસ્ટિક્સ અને કેર સેક્ટર સહિત લગભગ ૧૮૦ નોકરીઓ વિઝાના કાર્યક્ષેત્રમાંથી બહાર થઈ જશે, જેના કારણે ભારત અને ચીનથી આવતા લોકોને વિઝા મેળવવામાં મુશ્કેલી પડશે.

કેર વર્કર વિઝા પર બ્રિટને સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. ૨૨ જુલાઈ, ૨૦૨૫થી નર્સિંગ આસિસ્ટન્ટ જેવા કેર વર્કર માટે વિદેશથી નવી ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે પરંતુ જેઓ પહેલેથી જ આ વિઝા પર ત્યાં કામ કરી રહ્યા છે તેઓ ૨૦૨૮ સુધી વિઝા રિન્યૂ કરાવી શકશે. પરંતુ, નવા અરજદારો માટે આ સેક્ટરમાં વિઝા મેળવવાનો રસ્તો બંધ થઈ ગયો છે. આનાથી ભારતના કેરળ અને પંજાબ જેવા રાજયોમાંથી મોટી સંખ્યામાં આ સેક્ટરમાં કામ કરવા જતા લોકો પર સીધી અસર પડશે.

હવે તમામ વિઝા કેટેગરી માટે, જેમાં આશ્રિતો (પરિવારના સભ્યો) પણ સામેલ છે, તેમને ઈંગ્લિશ આવડવું જરૂરી છે. મુખ્ય અરજદારે પહેલાંથી ઝઈક્ષ્ઈ મ્ર લેવલ પર ઈંગ્લિશ બોલતા-સમજતા હોવું જરૂરી છે, જ્યારે આશ્રિતોને બેઝિક લેવલ (છ૧) પાસ કરવું પડશે. વિઝા રિન્યૂઅલ માટે છ૨ લેવલ અને કાયમી વસવાટ માટે મ્ર લેવલની જરૂર પડશે.

## પાકિસ્તાની વિમાનો ભારતીય એરસ્પેસમાં નહીં પ્રવેશી શકે, ૨૩ ઓગસ્ટ પ્રતિબંધ લંબાવાયો

પાકિસ્તાનના વિમાનોની ભારત એર સ્પેસમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવનારી નોટિસ ટુ એરમેન (ર્દ્બંછ્રસ)ની મુદત સત્તાવાર ધોરણે ૨૩ ઓગસ્ટ સુધી વધારવામાં આવી છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિમાનોની ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો હતો. તેમજ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર મારફત પાકિસ્તાન અને ર્ઁદ્ભમાં સ્થિત આતંકી ઠેકાણાં પર આક્રમક હુમલા કર્યા હતાં. ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો.કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટ કરી એર સ્પેસમાં પ્રતિબંધની સમય મર્યાદા લંબાવવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાની વિમાનોની ભારતીય એર સ્પેસમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવનારી નોટિસ ટૂ એરમેન (ર્દ્બંછ્રસ)ને સત્તાવાર ધોરણે ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

## ધનખડે રાજીનામું આપ્યું કે લેવાયું? ભાજપ નેતાઓના મૌનથી અનેક તર્ક-વિતર્ક

નવી દિલ્હી : સંસદનું ચોમાસુ સત્રના પહેલા દિવસે રાતે અચાનક જ જગદીપ ધનખડે સ્વાસ્થ્યનું કારણ બતાવી ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપી દીધું, જે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે સ્વીકારી પણ લીધું. જોકે, જગદીપ ધનખડના રાજીનામાએ રાજકારણમાં મોટો ભૂકંપ સર્જ્યો છે. આ સાથે ધનખડે રાજીનામું આપ્યું કે લઈ લેવાયું તેવી ચર્ચાએ જોર પકડયું છે. જોકે, રાજકીય નિષ્ણાતો એક બાબતે સ્પષ્ટ છે કે ધનખડે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું નથી આપ્યું. તેની પાછળ કંઈક બીજું જ રંધાઈ રહ્યું છે. ન્યાયાધીશ યશવંત વર્માના મહાભિયોગ મુદ્દે સરકાર સાથે ઘર્ષણના કારણે તેમણે રાજીનામું આપવું પડયું



હોવાની પણ અટકળો થઈ રહી છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું રાજીનામું સ્વીકારી લીધું છે. આ સાથે હવે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારી થઈ રહી છે. આ સંબંધમાં નોટિફિકેશન જાહેર કરાશે અને ત્યાર પછી ચૂંટણી પંચ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરશે. ૭૪ વર્ષના જગદીપ ધનખડે તેમના રાજીનામામાં લખ્યું હતું કે, સ્વાસ્થ્યને પ્રાથમિક્તા આપવા અને ડૉક્ટરોની સલાહનું પાલન કરવા હું બંધારણની કલમ ૬૭(એ) હેઠળ તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપું છું.

જગદીપ ધનખડે રાજીનામું આપ્યાના બીજા દિવસે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, જગદીપ ધનખડજીને ભારતના ઉપરાષ્ટ્રપતિ સહિત અનેક ભૂમિકાઓમાં દેશની સેવા કરવાની તક મળી છે. હું તેમના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરું છું. જગદીપ ધનખડના અચાનક રાજીનામા પછી ભાજપના કોઈ મંત્રી, નેતાએ અથવા ઉપરાષ્ટ્રપતિ ઓફિસ તરફથી પણ આ અંગે કોઈ સત્તાવાર નિવેદન કરાયું નહોતું. વધુમાં પીએમ મોદીએ પણ લગભગ ૧૫ કલાક પછી તેમના સ્વાસ્થ્ય અંગે ટીપ્પણી કરી હતી, જેથી રાજકીય વર્તૂળોમાં અનેક ચર્ચાઓને જન્મ આપ્યો છે.

## ઈરાનના વિદેશ મંત્રીના પર ભડક્યા ડોનાલ્ડ ટ્રમ્પ, કહ્યું- 'યુરેનિયમ સંવર્ધન અટકાવશે નહીં તો બોમ્બ વરસાવીશું

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીના નિવેદન પર ભડક્યા છે. તાજેતરમાં જ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી કહ્યું હતું કે, 'અમારો દેશ યુરેનિયમ સંવર્ધન કાર્યક્રમ નહીં છોડે.' અરાઘચીના આ નિવેદન પર ટ્રમ્પે ઈરાનને ધમકી આપતાં કહ્યું કે, 'જો ઈરાન યુરેનિયમ સંવર્ધન ચાલુ રાખશે, તો જરૂર પડ્યે ઈરાન પર ફરીથી બોમ્બમારો કરવામાં આવશે.'ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા સાઈટ ટ્રુથ પર લખ્યું છે કે, અમેરિકાના હુમલામાં ઈરાનના મુખ્ય પરમાણુ સ્થળોને ભારે નુકસાન થયું છે અને જરૂર પડશે તો અમેરિકા ફરીથી ઈરાન પર હવાઈ હુમલા કરશે.



ટ્રમ્પની આ ટિપ્પણી પહેલા ઈરાનના વિદેશ મંત્રી અરાઘચીએ તેના યુરેનિયમ સંવર્ધન કાર્યક્રમને રાષ્ટ્રીય ગૌરવનો વિષય ગણાવ્યો હતો. ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, અમેરિકા ઈચ્છે છે કે ઈરાન તેનો યુરેનિયમ સંવર્ધન પ્રોગ્રામ બંધ કરે, પરંતુ ઈરાન તેનો કાર્યક્રમ ચાલુ રાખશે.તેમણે વધુમાં કહ્યું કે, 'અમે અમારો સંવર્ધન પ્રોગ્રામ નહીં છોડી શકીએ, કારણ કે,આ અમારા પોતાના વૈજ્ઞાનીઓની સિદ્ધિ છે. અને હવે તેનાથી પણ વધુ તે અમારા માટે રાષ્ટ્રીય ગૌરવનો સવાલ બની ગયો છે. અમારુ સંવર્ધન અમને ખૂબ જ પ્રિય છે.

## ચીન સાથેનાં સંભવિત યુદ્ધનું રીહર્સલ યુ.એસ. અને સાથીઓની ઓસ્ટ્રેલિયામાં જબ્બર યુદ્ધ કવાયત



ડાર્વિન ઓસ્ટ્રેલિયા : ૭ એક જેટલાં વિશાળ ટ્રાન્સપોર્ટ પ્લેઈન્સ સી-૧૭ એમાંથી અમેરિકાના પેરેટ્રૂપર્સ ભૂતની જેમ આકાશમાંથી ઉતરી પડયા અને ૫૦ કીમી. દૂર રહેલા લક્ષ્યને હસ્તગત કરવા આગળ ધપી રહ્યા છે.અમેરિકા અને તેના સાથીઓ દર બે વર્ષે યુદ્ધ કવાયતો તો યોજે જ છે. પરંતુ આ વખતની યુદ્ધ કવાયત તો અસામાન્ય બની રહી. તેમાં કાલ્પનિક શત્રુનું નામ ઓલ્વાના આપવામાં આવ્યું. ૪૦ હજારથી વધુ સૈનિકો ૧૫૦ યુદ્ધ વિમાનો ૩૦ યુદ્ધ જહાજોએ તેમાં ભાગ લીધો હતો તેમાં યુ.એસ. ઓસ્ટ્રેલિયા, જાપાન અને સાઉથ કોરિયાનાં એમ્ફીબિયન શિષ્ય (સપાટ તળીયાવાળાં અને સમુદ્રમાંથી ભૂમિ પર જઇ શકે તેવાં સૈનિકોને લઇ જવામાં વપરાતાં જહાજો) હવર ક્રાફ્ટસ વગેરે ચોકી સાથે જોડાયાં હતાં.આ યુદ્ધ અભ્યાસનું નામ તબિસ્માન સેબર ૨૦૨૪ એવું અપાયું છે. તેમાં યુ.એસ. ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફીજી, ફ્રાંસ, જર્મની ઈન્ડોનેશિયા, જાપાન, ન્યૂઝીલેન્ડ, પાપુઆ-ન્યુગિની, ફીલીપાઈન્સ, સાઉથ કોરિયા, ટોંગા અને યુ.કે. જોડાયાં છે. તેઓ આ પૂર્વેના યુદ્ધભ્યાસમાં પણ હતા. જયારે ઈન્ડીયા સિંગાપુર, થાઈલેન્ડ, ધી નેધરલેન્ડઝ, નોર્વે, મલાયેશિયા અને વિયેતનામ પોબ્ઝર્વર્સ તરીકે જોડાયાં છે.આ સમગ્ર એક્સરસાઈઝનું સંચાલન બ્રિગેડીયર ડામીયન હીલ કરી રહ્યા છે. જયારે ગ્રાઉન્ડ એકશનનું સંચાલન કર્નલ, વેડ જર્મેન, કમાન્ડર થર્ડ, મલ્ટી ડોમેઈન ટાસ્ક ફોર્સ (એમડીટીએફ) કરી રહ્યા છે. જેનું મુખ્ય મથક હવાઈ ટાપુઓમાં છે.

## તમારી અર્થવ્યવસ્થા ધ્વસ્ત કરી નાંખીશું',રશિયાથી ઓઈલ ખરીદવા મામલે અમેરિકાના નેતાની ભારત-ચીનને ધમકી

અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલી વેપાર મંત્રણા વચ્ચે ટ્રમ્પ સરકાર તરફથી ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ચેતવણી મળી છે. ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટતંત્રના સેનેટર્સ લિન્ડેસે ગ્રેહામ અને રિચાર્ડ બ્લૂમેન્થલે રશિયા સાથે વેપાર કરતાં ભારત સહિત અન્ય દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ચીમકી આપી છે. રશિયા સાથે બિઝનેસ કરનારા દેશોની અર્થવ્યવસ્થાને હચમચાવી દેવા નિર્ણય લીધો છે. નોંધનીય છે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી ૫૦ દિવસની અંદર યુક્રેન સાથે યુદ્ધ બંધ નહીં કરે તો રશિયા પર ૧૦૦ ટકાનો સેકેન્ડરી ટેરિફ લાદવાનું એલર્ટ આપ્યું હતું.ગ્રેહામ અને બ્લૂમેન્થલના સંયુક્ત નિવેદન અનુસાર, રશિયા પાસેથી સસ્તા દરે ઓઈલ અને ગેસ ખરીદતાં ચીન, ભારત, બ્રાઝિલ સહિત અન્ય દેશો પર રશિયાની મદદ કરવા બદલ ૫૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ યુદ્ધનો અંત લાવવા માટેનો અંતિમ હથોડો ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો સામે ટેરિફ લાદવાનો હશે. જેઓ સસ્તા દરે રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદીને પુતિનના યુદ્ધ મશીનને ટેકો આપી રહ્યા છે. જો આગામી ૫૦ દિવસમાં શાંતિ કરાર ન થાય તો રશિયા પાસેથી ખરીદી કરતાં દેશો પર ૧૦૦ ટકા સેકેન્ડરી ટેરિફ લાગુ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો નિર્ણય પક્ષકારોને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે એક વાસ્તવિક કાર્યકારી માર્ગ છે. તેને મદદ કરતાં દેશો પર ઊંચો ટેરિફ લાદવાથી તે દેશોની



અર્થવ્યવસ્થા ખોટવાશે, જેથી તેઓ પણ રશિયાને શાંતિ કરાર કરવા અપીલ કરશે. આ જોગવાઈનો ઉદ્દેશ ટેરિફ અને પ્રતિબંધો લાદવાનો નહીં, પણ શાંતિ કરારને સમર્થન આપવાનો છે.ચીફ સાથેની બેઠકમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, તે રશિયાથી નારાજ છે. જો ૫૦ દિવસની અંદર શાંતિ કરાર કરવામાં નહીં આવે તો રશિયા પર ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. દ્ગછ્ ચીફે પણ ચીન, બ્રાઝિલ અને ભારતને ધમકી આપી હતી કે, રશિયા સાથે વેપાર વ્યવહાર બંધ કરો નહીં તો મસ મોટા ટેરિફનો સામનો કરવો પડશે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આ મુદ્દે જવાબ આપ્યો હતો કે, ભારતીય એમ્બેસી અને એમ્બેસેડર રશિયા પર બિલ સંબંધિત બાબતે સેનેટર ગ્રેહામ સાથે સંપર્કમાં છે, ભારત જાહેર હિતને ધ્યાનમાં લઈને નિર્ણય લેશે. દ્ગછ્ની ધમકી પર સત્તાવાર જવાબ આપતાં વિદેશ સચિવ રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, અમારા નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. આ દિશામાં અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું. આ મામલે કોઈ બેવડું વલણ અપનાવવામાં આવશે નહીં.

## તંત્રી લેખ..

# ટેરિફ વોરના વાદળો વચ્ચે અમેરિકાની આયાતમાં ચીનના ભોગે ભારતને લાભ

મુંબઈ : અમેરિકાની આયાતમાં ભારતના હિસ્સામાં વધારો થયો છે જ્યારે ચીનનો હિસ્સો ઘટી રહ્યાનું જોવા મળી રહ્યું છે. અમેરિકાના સેન્સ બ્યુરો ડેટા પ્રમાણે વર્તમાન વર્ષના મે સુધીમાં અમેરિકાની આયાતમાં ભારતનો હિસ્સો જે ગયા વર્ષના આ ગાળા સુધીમાં ૨.૯૦ ટકા હતો તે વધી ૩.૧૦ ટકા પહોંચી ગયો છે. ચીનના હિસ્સામાં ૨.૭૦ ટકા ઘટાડો જોવા મળ્યો છે. ઈલેકટ્રોનિક્સ, ટેકસટાઈલ તથા એડવાન્સ ટેકનોલોજીમાં ભારતનો હિસ્સો વધી રહ્યો છે.હાલમાં ચાલી રહેલી ટેરિફ વોરને કારણે અમેરિકાની આયાતમાં ચીનના ભોગે ભારતને લાભ થઈ રહ્યો છે ખાસ કરીને ભારતના ટેકસટાઈલ તથા ઈલેકટ્રોનિક્સ ક્ષેત્રને લાભ જોવા મળી રહ્યો છે. એડવાન્સ ટેકનોલોજી પ્રોડકટમાં ચીનનું પ્રભુત્વ ઘટી રહ્યું છે. અમેરિકાના એડવાન્સ ટેકનોલોજી પ્રોડટકસની આયાતમાં ચીનનો હિસ્સો જે ૨૦૨૪ના મે સુધીમાં ૧૪.૫૦ ટકા રહ્યો હતો તે ૨૦૨૫ના આ ગાળા સુધીમાં નોંધપાત્ર ઘટી ૫.૮૦ ટકા પર આવી ગયો છે. બીજી બાજુ ભારતનો આ પ્રોડકટસનો હિસ્સા આ ગાળામાં ૨.૩૦ ટકા પરથી સહેજ વધી ૩.૫૦ ટકા પર આવી ગયો છે. ઈલેકટ્રોનિક્સ માલસામાનમાં પણ ચીનના ભોગે ભારતને મોટો લાભ જોવા મળ્યો છે. અમેરિકાની ઈલેકટ્રોનિક્સ માલસામાનની આયાત જૂન થી મેના ગાળામાં જોરદાર ઘટી ૧૧ ટકા પર આવી ગઈ છે જ્યારે આ સેગમેન્ટમાં ભારતનો હિસ્સો ૩.૫૦ ટકાથી વધી ૭.૨૦ ટકા રહ્યો છે. અમેરિકામાં ભારત ખાતેથી મોબાઈલ ફોન્સ તથા સોલાર સેલ્સની નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ભારતની જેમ વિયેતનામ તથા મેક્સિકો પણ અન્ય લાભકર્તા દેશ બની રહ્યા છે. ટેકસટાઈલમાં ભારતનો હિસ્સો આ ગાળામાં ૯ ટકા પરથી વધી ૧૨ ટકા પર પહોંચી ગયો છે જ્યારે ચીનનો હિસ્સો ૨૭ ટકા પરથી ઘટી ૧૪ ટકા પર આવી ગયો છે.

# રિલાયન્સ રિટેલની 'સ્વદેશ'નો વધુ એક ફ્લેગશીપ સ્ટોર મુંબઈમાં, ૨૫ જુલાઈએ થશે ઉદ્ઘાટન




રિલાયન્સ રિટેલનો નવી ફ્લેગશીપ બ્રાન્ડ 'સ્વદેશ'નો સ્ટોર આગામી ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ મુંબઈના ઈરોસમાં શરૂ થવા જઈ રહ્યો છે. ભારતની પરંપરાગત કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ 'સ્વદેશ'ના નવા સ્ટોરની શરૂઆતના ભાગરૂપે આયોજિત પૂજા-હવનમાં નીતા અંબાણી, તેમની દીકરી ઈશા, પુત્રવધૂ શ્લોકા, અને રાધિકાએ હાજરી આપી હતી. ભારતીય પંરપરા અને કલાકારોની અજોડ કળાને બિરદાવતા પ્લેટફોર્મ આપતી સ્વદેશની આ નવી શરૂઆત પૂજા-પ્રાર્થના સાથે થઈ હતી.

સ્વદેશ ફ્લેગશીપ સ્ટોરના ઉદ્ઘાટન પહેલાં નીતા અંબાણી પૂજામાં ભારતીય પરંપરાને અનુરૂપ મદુરાઈ કોટન ઘરચોળા સાડી પહેરીને આવ્યા હતાં. આ સાડી રાજકોટના રાજશ્રુદરે ૧૦ મહિનાની અંદર તૈયાર કરી હતી. નીતા અંબાણીએ મનિષ મલ્હોત્રા દ્વારા સ્ટાઈલ કરેલો એન્ટિક ગોલ્ડ-ઓલ્ડ-વર્લ્ડ એમ્બ્રોડરીનો ફિરોજી સિલ્ક કાચલી બ્લાઉઝ સાથે ઘરચોળું પહેર્યું હતું.

અંબાણીએ વારસાગત સોનાનો બાજુબંધ પહેર્યો હતો. જે તેમને તેમના લગ્નમાં મોસાળ તરફથી ભેટમાં મળ્યો હતો. તે એક આભૂષણ નહીં પરંતુ વારસો, પરંપરા, અને પ્રેમનું પ્રતીક દર્શાવતું હતું. આ બાજુબંધ હવે નીતા અંબાણી પોતાની પુત્રી ઈશાને આપશે, બાદમાં ઈશા પોતાની દીકરી આદ્યશક્તિને સોંપી પરંપરા નિભાવશે.

તેમણે 'સ્વદેશ'નો એક ઉત્કૃષ્ટ નેકલેસ પહેર્યો હતો. વ્હાઈટ હોલ્ડ અને હાથથી દોરવામાં આવેલી ભગવાન શ્રીનાથના જીવનની દિવ્ય ક્ષણોથી ડિઝાઈન આ નેકલેસ કલાત્મકતા અને આધ્યાત્મિકતાનું મિશ્રણ બન્યું છે. આ પૂજામાં નીતા અંબાણી, અને તેમના પરિવાર દ્વારા પહેરવામાં આવેલી પ્રત્યેક આભૂષણ અને વસ્ત્રો ભારતની પરંપરા, સાંસ્કૃતિક વારસાની જાળવણી કરતાં ભારતીય કલાકારોને સન્માન આપવાની પ્રતિબદ્ધતાનો સંદેશ આપી રહ્યા હતાં.

# મિલીભગત કરી લોકોને લૂંટતા બિલ્ડર અને બેંન્ક કર્મચારીઓ વિરુદ્ધ એક્શન લેશે CBI

સીબીઆઈએ બિલ્ડર્સ અને બેન્કોની મિલિભગત મામલે નોંધાયેલા કેસોની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે દિલ્હી-એનસીઆરમાં આ પ્રકારના ૨૨ કેસ નોંધવા જઈ રહી છે. ભ્રષ્ટાચારના આરોપોમાં ઘણા બિલ્ડર્સ અને બેન્કના અધિકારીઓ પર સંકજો કસવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ મામલે કાર્યવાહી કરવા લીલી ઝંડી આપી છે. સીબીઆઈનો સીલબંધ રિપોર્ટ મળ્યા બાદ સુપ્રીમે કહ્યું કે, આ રિપોર્ટ ચોંકાવનારો છે.

સુપ્રીમ કોર્ટે કેસ નોંધ્યા પછી સીબીઆઈને પ્રાથમિક તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, કેટલીક રિયલ એસ્ટેટ કંપનીઓ તેમના પ્રોજેક્ટ્સ માટે ઘર ખરીદનારાઓને લોન અપાવવા માટે બેન્કો સાથે સાંઠગાંઠ કરાવે છે. જો કે, આ પ્રોજેક્ટ્સ ક્યારેય પૂરા થતા નથી, જેના કારણે સામાન્ય માણસ લોનના બોજા તળે દબાઈ જાય છે અને ઘરનું ઘર મેળવવાથી વંચિત રહી જાય છે. બેન્કો અને બિલ્ડર્સ ભેગા મળી પૈસા પડાવી રહ્યા હોવાની બાતમીના આધારે તપાસ હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે સીબીઆઈની તપાસ પર સંતોષ વ્યક્ત કરતાં તેને વધુ તપાસ માટે વધારાનો સમય પણ આપ્યો છે.

# અમદાવાદના રિક્ષાચાલકોની હડતાળ ૨૪ કલાક બાદ સમેટાઇ, ટ્રાફિક પોલીસ સાથે બેઠક બાદ લીધો નિર્ણય


અમદાવાદ જિલ્લામાં ઓટોરિક્ષા ચાલકોએ મંગળવારે (૨૨ જુલાઈ) હડતાળ કરી હતી. પોલીસ દ્વારા પોલીસ દ્વારા રિક્ષાચાલકોને કથિત રીતે ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે ઓટોરિક્ષા યુનિયને સોમવારે રાત્રે ૧૨ વાગ્યાથી હડતાળની શરૂ કરી હતી. જોકે, હવે આ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. મળતી માહિતી મુજબ, ૨૪ કલાકની હડતાળ બાદ અમદાવાદ ટ્રાફિક પોલીસ અને રિક્ષા એસોસિએશન વચ્ચે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિક્ષા ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે અંગે સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ ટ્રાફિક રિક્ષા એસોસિએશન દ્વારા પોતાની માંગો મૂકવામાં આવી અને બાદમાં રિક્ષા એસોસિએશન દ્વારા હડતાળ પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. રિક્ષાચાલકોનો આક્ષેપ હતો કે, પોલીસ પોતાના અધિકારોનો દુરુપયોગ કરીને તેમને ખોટી રીતે પરેશાન કરે છે. રિક્ષા યુનિયન દ્વારા પોલીસ કમિશનરને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ઓટોરિક્ષાને રોજગારના સાધન તરીકે માન્યતા આપવામાં આવી છે, તેમ છતાં પોલીસ દ્વારા એકતરફી કાર્યવાહી કરીને 'ટાર્ગેટ' પૂરા કરવા માટે વાહનો જપ્ત કરવામાં આવે છે અને ખોટો દંડ ફટકારવામાં આવે છે.

# ગોત્રીમાં આવેલા પાલિકાના ગાર્ડનમાંથી સ્ટર્લિંગ હોસ્પિટલનો બાયો મેડિકલ વેસ્ટ મળતા હોબાળો



વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડનમાંથી રેસકોર્સ પાસેની સ્ટર્લિંગ હોસ્પિટલનો બાયો મેડિકલ વેસ્ટ મળી આવતા ભારે હોબાળો મચી ગયો છે. લોકોના આરોગ્ય અને પર્યાવરણ માટે અત્યંત નુકસાનકારક આ વેસ્ટ નાખનાર હોસ્પિટલ સામે દંડાત્મક કાર્યવાહી કરવાની સ્થાનિક કાઉન્સિલરોએ માગ કરી છે.મળતી માહિતી મુજબ, શહેરના વોર્ડ નંબર ૧૦માં ગોત્રી વિસ્તારમાં આવેલા ગાર્ડનમાં મોડી સાંજે વિસ્તારના લોકો વોકિંગ કરવા ગયા હતા. જ્યાં તેમણે મેડિકલ વેસ્ટનો ઢગલો જોતા તાત્કાલિક સ્થાનિક કાઉન્સિલર ઉમંગ બ્રહ્મભટ્ટ અને માજી કાઉન્સિલર સુનિતાબેન શુક્લાને જાણ કરી હતી. બંને દોડી ગયા હતા અને વેસ્ટ દૂર કરાવવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.વોર્ડ નંબર ૧૦ના ભાજપા કાઉન્સિલર ઉમંગ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, 'સાંજે ગાર્ડનમાં વોક કરવા માટે આવતા લોકોએ ગાર્ડનમાં મેડિકલ વેસ્ટ કોઈ નાખી ગયું હોવાની ફરિયાદ કરી હતી. તુરંત જ અમે પહોંચી ગયા હતા અને તપાસ કરતાં મોટા જથ્થામાં મેડિકલ વેસ્ટ પ્લાસ્ટિકની થેલીઓમાં અને છૂટો પડેલો જોવા મળ્યો હતો. આ વેસ્ટમાંથી રેસકોર્સ સર્કલ પાસે આવેલી સ્ટર્લિંગ હોસ્પિટલના લેટર પેડ અને કેસ પેપર મળી આવ્યા હતા.'દરમિયાન, આ અંગેની જાણ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગંગાસિંઘને કરતા જ પાલિકાની સોલિડ વેસ્ટ ટીમ આવી પહોંચી હતી. તે સાથે જ આ અંગેની જાણ સ્ટર્લિંગ હોસ્પિટલને કરવામાં આવતા ડો. પંડ્યા સંબંધિત સ્ટાફ સાથે દોડી આવ્યા હતા અને હોસ્પિટલનો મેડિકલ વેસ્ટ હોવાની કબૂલાત કરી હતી.કાઉન્સિલર ઉમંગ બ્રહ્મભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ વેસ્ટ સ્ટર્લિંગ હોસ્પિટલ દ્વારા પાલિકાની સામાન્ય કચરાની ગાડીમાં નાખવામાં આવ્યો હતો અને કચરાની ગાડીવાળો તે વેસ્ટ ગાર્ડનમાં નાખી ગયો હતો. હકીકતમાં, આ વેસ્ટ હોસ્પિટલ દ્વારા જ નિકાલ કરવાનો હોય છે અથવા તો પાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલા મેડિકલ વેસ્ટની કોન્ટન કંપનીની ગાડીમાં નાખવાનો હોય છે. હોસ્પિટલે કચરાની ગાડીમાં મેડિકલ વેસ્ટ નાખીને ગંભીર ભૂલ કરી છે. આ અંગે પાલિકાએ તપાસ કરી હોસ્પિટલ સામે દંડાત્મક કાર્યવાહી કરવી જોઈએ. તેમજ ગાર્ડન સિક્યુરિટીની નિષ્કાળજી સામે પણ કાર્યવાહી કરવી જોઈએ. ખુલ્લામાં અને તે પણ ગાર્ડનમાં મેડિકલ વેસ્ટ નાખવો ગંભીર બાબત છે. આ વેસ્ટ આરોગ્ય માટે પણ હાનિકારક છે.' જોકે, રાત્રે જ કોન્ટન કંપનીની ગાડી બોલાવી ગાર્ડનમાં પડેલો વેસ્ટ દૂર કરાવી દેવામાં આવ્યો હતો.

# બડોલી જૈન મંદિરમા રાત્રે ચોરી : ત્રણ છત્ર ચોરાઈ ગયા પોલીસ તંત્ર સામે સવાલ



બડોલી ગામમાં આવેલી શ્રી ૧૦૦૮ વાસુપૂજ્ય દિગંબર જૈન દેરાસરમાં રવિવારની રાત્રિ દરમિયાન ચોરીની ઘટનાએ તંત્રને ચોંકાવી મૂક્યું છે. મળી આવેલી માહિતી મુજબ અજાણ્યા ચોરોએ મંદિરના તાળા તોડી આદિનાથ ભગવાન, વાસુપૂજ્ય ભગવાન અને ચંદ્રપ્રભુ ભગવાનના મસ્તક ઉપર સ્થાપિત કુલ ત્રણ છત્રની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

આ ઘટના દેરાસર ટ્રસ્ટ તેમજ સ્થાનિક લોકો માટે અત્યંત દુઃખદ અને ચિંતાજનક બની છે. વધુમાં ગંભીર બાબત એ છે કે આ મંદિર બડોલી આઉટ પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ થી ૨૦૦ મીટર જેટલા અંતરે આવેલું છે. છતાંયે ચોરો નિર્ભયતાથી તાળા તોડી મૂર્તિઓ પરથી છત્ર ઉપાડી ગયા, જે પોલીસની કામગીરી પર ગંભીર સવાલ ઊભા કરે છે.

ટ્રસ્ટી મંડળ દ્વારા ઘટનાની જાણ તત્કાલ બડોલી પોલીસને કરવામાં આવી છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાથી ગામમાં રોષનો માહોલ છવાઈ ગયો છે રાત્રી દરમ્યાન મંદિર અને ગામની સુરક્ષાની માંગ ઉઠાવી છે.

# ભરૂચ: ખોટી દિશામાંથી આવતી રાજ્ય પરિવહન બસ અને કાર વચ્ચે ટક્કર,





રાજપીપળા ડેપોની રાજ્ય પરિવહન બસ બિસ્માર રોડ પર ખોટી દિશામાંથી આવી રહી હતી ત્યારે તે વિરુદ્ધ દિશામાંથી આવતી ઈકો કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે.

ભરૂચના ઝગડિયા તાલુકાના વાઘપુરા ગામ પાસે રાજ્ય પરિવહન બસ અને કાર વચ્ચે ટક્કરમાં બે લોકોના મોત થયા છે જ્યારે ૭ લોકો ઘાયલ થયા છે. આજે સવારે ભરૂચના ઝગડિયા તાલુકાના વાઘપુરા ગામ પાસે એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. રાજપીપળા ડેપોની રાજ્ય પરિવહન બસ બિસ્માર રોડ પર ખોટી દિશામાંથી આવી રહી હતી ત્યારે તે વિરુદ્ધ દિશામાંથી આવતી ઈકો કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ઈકો કારમાં સવાર ૨ લોકોના મોત થયા છે, જ્યારે ૭ અન્ય ઘાયલ થયા છે. ઘટનાની જાણ થતાં જ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઘાયલોને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન ઝઘડિયા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને વધુ તપાસ ચાલુ છે. નોંધનીય છે કે જર્જરિત રસ્તાને કારણે વાહનોને રાઉન્ડઅબાઉટ પર અવરજવર કરવાની ફરજ પડે છે, જેના કારણે અનેક અકસ્માતો થાય છે.

# ધારીના આરોપીઓ દ્વારા પોરબંદરના પરિવાર સાથે રૂ. ૧૦ લાખની છેતરપિંડી

રાજકોટ/પોરબંદર: સસ્તું સોનું આપવાની લાલચ આપી, વિશ્વાસમાં લઈ અને ખોટું સોનું પધરાવી રૂ. ૧૦ લાખની છેતરપિંડી આચરનાર ધારીના આરોપીઓને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી છે. આ ઘટનામાં પોરબંદરના એક પરિવારને નિશાન બનાવવામાં આવ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, ધારી પંથકના કેટલાક આરોપીઓએ પોરબંદરના એક પરિવારનો સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ આ પરિવારને સસ્તા ભાવે સોનું આપવાની લાલચ આપી હતી, જેનાથી તેઓ મોટા આર્થિક લાભ મેળવી શકે. ભોગ બનનાર પરિવારે આરોપીઓની વાતો પર વિશ્વાસ મૂક્યો હતો.આરોપીઓએ વિશ્વાસ કેળવી લીધા બાદ, સોનાના બદલામાં રૂ. ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ રૂપિયા) પડાવી લીધા હતા. જોકે, પૈસા લીધા બાદ આરોપીઓએ ભોગ બનનાર પરિવારને ખોટું અથવા નકલી સોનું પધરાવી દીધું હતું, અને ત્યાર બાદ ફરાર થઈ ગયા હતા.પોરબંદરના પરિવારને છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો અને ફરિયાદ નોંધાવી. પોલીસે આ મામલે ગંભીરતાથી તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે ધારી પંથકના આ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

# અલકાયદા સાથે સંકળાયેલા ૪ આતંકીની ધરપકડ



ગુજરાત ATSએ આતંકવાદી મૉડ્યૂલનો પર્દાફાશ કરતા ચાર લોકોની ધરપકડ કરી છે. ગુજરાત ATS લાંબા સમયથી વોચ રાખી રહી હતી. ગુજરાત છ્જીની ટીમે નકલી ભારતીય ચલણી નોટ મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. તેમજ અલકાયદાના આતંકવાદી મોડલ સાથે સંકળાયેલા ચારેય આરોપીઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા ફેલાવવાની કામગીરી કરતાં હોવાનું જાણવા મળ્યુ છે. ગુજરાત ATSની ટીમે અલકાયદા AQIS સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીમાં ગુજરાતના ૨, દિલ્હી અને નોયડા ૧-૧ હોવાનું સામે આવ્યું છે. જેમાં બનાવટી નોટ રેકેટના ૧ આરોપીની પણ ધરપકડ કરાઈ છે. વોટ્સએપ ગ્રુપ પર ચેટિંગ કરીને તે બાકી લોકોને પણ જોડતા હતા.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ.૩૫૮.૩૭ કરોડેનું લોકાર્પણ કરાશે


**૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત સુઈગામ બસ સ્ટેશનનું લોકાર્પણ કરશે**
**ડીસા ખાતે જિલ્લા કક્ષાની રૂ.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સિવિલ હોસ્પિટલનું ઈ-ખાતમુર્હુત**
**ધાનેરા તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરાશે**



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ બનાસકાંઠાના સીમાવર્તી સુઈગામ - નડાબેટ ખાતેથી રૂ. ૩૫૮.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુર્હુત તથા લોકાર્પણ કરાશે. જેમાં ૩૦૨.૬૯ કરોડના વિવિધ કાર્યોનું ખાતમુર્હુત તથા ૫૫.૬૮ કરોડના કાર્યોનું લોકાર્પણ કરાશે. આ વિકાસ કાર્યો થકી બનાસકાંઠાની વિકાસ ગતિને નવી રાહ મળશે. આરોગ્ય, શિક્ષણ, એનર્જી, રોડ- રસ્તા તેમજ શહેરી વિકાસના અનેક વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત નાગરિકોના જીવન ધોરણને ઉંચુ લાવવા મદદરુપ બનશે. સરહદ પર સંકલ્પનો સૂર્યોદય નેમ હેઠળ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સરહદી વિસ્તાર નડાબેટ ખાતેથી

૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત સુઈગામ બસ સ્ટેશનનું લોકાર્પણ કરશે તથા ૧૧ નવીન બસોને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. તેઓ ડીસા ખાતે ૬.૪૩ કરોડના ખર્ચે નવીન આધુનિક વર્કશોપનું ખાતમુહુર્ત કરશે. અવિરત અને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો નાગરિકોને મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રૂ. ૪૦.૭૭ કરોડના વીજ સબ સ્ટેશનોનું લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરશે. પાલનપુર, ડીસા, થરાદ, લાખણી તાલુકાઓમાં વીજ સબ સ્ટેશન બનવાથી નાગરિકોને ૨૪ કલાક વીજળી મળી રહેશે. મુખ્યમંત્રીશ્રી બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય સુખાકારી હેતુ રૂ.૮૭.૧૮ કરોડના ખર્ચે આરોગ્યને લગતા વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં ડીસા ખાતે જિલ્લા કક્ષાની રૂ. ૮૦ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલનું નિમાર્ણ થશે. જયારે થરાદ તાલુકામાં ૦૬ પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થશે. જયારે દિયોદર ખાતે આરોગ્ય કેન્દ્ર અને પાલનપુર ખાતે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર પ્રજા માટે ખુલ્લુ મુકવામાં આવશે. તેઓ ધાનેરા તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું પણ લોકાપર્ણ કરશે.

રાજય સરકાર દ્વારા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે મોડલ ફાયર સ્ટેશન બનાવવા રૂ. ૯.૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જે મોડલ ફાયર સ્ટેશનનું ખાતમુહુર્ત કરાશે. ડીસા ખાતે ૧૮.૫૬ કરોડના ખર્ચે ટાઉન હોલનું નિમાર્ણ થશે. જયારે ૯.૨૪ કરોડના ખર્ચે ૫૦ સ્ન્દ્ઢ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે જેનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુર્હુત કરાશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નડેશ્વરી માતાના દર્શન કરશે તથા નડાબેટ ખાતે બી.એસ.એફ જવાનો સાથે સંવાદ કરશે. તાજેતરમાં જ ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ બી.એસ.એફ જવાનોએ ખડેપગે રહીને આપણા દેશની સીમાઓ સુરક્ષિત કરી છે




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS NO -173**
વિષય -" પરાકાષ્ઠા"
પ્રકાર -પદ્ય
શબ્દ સંખ્યા - ૧૧૩.
શીર્ષક -"પરાકાષ્ઠા"

શ્રમની એક એક બુંદથી, ફેરવે સ્વપ્ને પાંખ ગગન સુધી .
વિજયની પ્યાસ જગાવે સીમા પ્રાપ્તિ ની આશ જગાવે.
મથામણનાં દરિયે ઊંડાણમાં, વિશ્વાસે મારે ઊંડા ડૂબકા,
એ ઉઠે ત્યારે જ સાબિતી આપે, પરાકાષ્ઠા નાં મૂળ મકસદ.
ન હોય સહેલો માર્ગ કદી પણ, દિશા જો સાચી હોય,
મુસિબતો થાય નતમસ્તક ,
સમય સામે જીત જ હોય.
આ નથી માત્ર ઊંચાઈ માપવી, આ છે આત્માને ઓળખવાનો માર્ગ,
ત્યાં પીડા પણ પારસ લાગે, જ્યાં હોય ઉત્સાહની વાત.
પરિશ્રમ થી જે ખીલી ઊઠે,
પહોંચી જાય શિખર સુધી.
સ્વપ્ન ને સિદ્ધ કરી,
જીવનમાં જ્યાં પહોંચી જવાય અંતિમ લક્ષ્ય સુધી.
એ નહીં અંત, એ છે શરુઆત.
પરાકાષ્ઠા નો થાય છે જ્યાં ઉદ્ભવ.
મન કહેતું હોય કે
' બસ, હવે બસ!'
પાર ઉતરી ગયા હવે સાતેય ભવ!
-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ, ગુજરાત.

**NG: Nog ss no 205**
વિષય : પરાકાષ્ટા
શીર્ષક : જંખના
પ્રકાર : પદ્ય
શબ્દ : ૨૫૦

?હું નીર નદીઓના પાર કરીને આવ્યો છું.

હું હોડકાનું હેડસ્લુ થઈને મલ્હાર બનીને આવ્યો છું.

પણ હવે મજધારમાં ડૂબતી મારી નાવ ને ઉગારવાનું તુફાન બનીને આવ્યો છું.

મેં નથી ક્યારેય ખુદા પાસે પ્યાર માગ્યો કે નથી કોઈ ઉપહાર માગ્યો.

મેં તો બસ એક સંકટ સમય અને વિપત્તિ વેળાને પાર કરવાનો એક કિનારો માગ્યો.

મને ખબર છે કે જિંદગીમાં કોકવાર આવું પણ બને છે.

દર્દ છુપાવી દિલમાં અને હોઠેથી હસવું પડે છે.

એટલે જ કોઈ મારા સુખ દુઃખને સમજી શકે અને મારા હૃદયમાં ઊંડો ઉતરી શકે તેવો એક યાર માગ્યો.

કોઈ અન્નના દુઃખી તો કોઈ ધનના દુઃખી તો કોઈ તન ના દુખી એ વાત મેં જાણી પણ મનના દુઃખી તે હું દુઃખ કોની પાસે જઈને વર્ણવું.

એ ઝંખના હતી ઘણી આ પથિકને હે પ્રભુ જગતમાં જીવવાની.

પણ આ એક માટીનો બનેલો છે અને માટીમાં મિલાવજે.

અ૨૫

**NG: NOG SS NO-195**
વિષયઃ પરાકાષ્ઠા
શીર્ષકઃ અંતર થી ભાળું
પ્રકારઃ પદ્ય અછાંદસ
શબ્દઃ ૬૦

ચૂંદડી ચિત્તમાં ચમકે ચારેકોર અજવાળું,
પ્રીતમ ગયો પરદેશ અંતરથી એને ભાળું.

પરાકાષ્ટા પ્રેમની પાંપણમાં પ્રજવાળું,
સંતાયેલો સ્નેહ સાગર, ભીતરમાં ભાળું.

દુઃખ છે દરિયા સમ દિલ કોને દેખાડું,
હૃદય રાતદિન રડે રોમ રોમ રખવાળું.

વહેલાં આવો વ્હાલાં કૃપા કરજો દયાળું,
સાંજ પડી રજની અંતર કરો અજવાળું.

મનમાં છે મૂંઝવણ, તનમાં તૃષ્ણાનું તાળું,
પરાકાષ્ટા છે પ્રેમની અમૃત દુઃખનું દેવાળું.

અમૃત શ્રીમાળી
મહેસાણા

**NG: NOG NO.0059**
વિષય પરાકાષ્ઠા હાઈકૂ : પાંચ.

વટાવી હદ
દ્રોપદી એ બોલની
પાયો યુધ્ધનો !

જગમા શોભે
બધુ સુંદર સારુ
જો હોય હદ!

આજ વિશ્ર્વમા
વર્તે અરાજકતા
તોડાણી, હદો

જે તોડે હદ
શરૂ અરાજકતા
શોભે લિમીટ

પરાકાષ્ઠા ના
પર્યાય છે અનેક
લીમીટ,હદ..

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.

**NG: NOG SS NO : 334**
વિષય :- "પરાકાષ્ઠા"
શીર્ષક :- હદ થઈ હવે
પ્રકાર :- પદ્ય. શબ્દો :- ૮૦

છડેચોક બેહુદુ બોલાય શું કરવું આજે,
કોણ આવા લોકોને રોકશે હદ થઈ હવે.

ના કોઈ લજ્જા કે ના કોઈ શેહ શરમ,
લક્ષ્મણરેખા કોણ દોરશે હદ થઈ હવે.

માન તો ઠેકાણે રહ્યું અપમાન થાય ઘણા,
આ વિવેક કોણ શીખવાડશે હદ થઈ હવેના

નાની શી વાતોમાં ઝઘડો કરી બેસે મોટો,
સમજણ કોણ વિકસાવશે હદ થઈ હવે.

માનવ માનવ વચ્ચેની ભેદરેખા ક્યાં સુધી?
નાતજાતનાં બંધન કોણ તોડશે હદ થઈ હવે.

માણસ બન્યો ખરો માનવીય અભિગમ ક્યાં?
પરાકાષ્ઠાની ટોચ કોણ તોડશે હદ થઈ હવે.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

# વડોદરા જિલ્લાના ૫૬૯ ગામોના ૫૯૪૩૯ સર્વે નંબરોની જમીનોને જૂની શરતમાં ફેરવાયા



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાના નિર્ણયને વડોદરા કલેક્ટર તંત્ર દ્વારા સંપૂર્ણ પણે અમલીકરણ કરવામાં આવ્યો છે. શહેરી વિકાસ વિસ્તાર મંડળમાં સમાવિષ્ટ ના હોય એવા ૫૬૯ ગામોના ૫૯૪૩૯ સર્વે નંબરોને સ્વયં જૂની શરતોમાં પરિવર્તિત કરી જરૂરી હુકમો કરવામાં આવ્યા છે. ગત એપ્રિલ – ૨૦૨૫માં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને મધ્યમવર્ગીય પરિવારો માટે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. રાજ્યમાં મહેસુલી પ્રક્રિયામાં સરળીકરણ, સામાન્ય નાગરિકોની સુગમતાના અભિગમ સાથેના આ નિર્ણયથી ઔદ્યોગિકરણ અને વ્યાપાર, ધંધા-રોજગાર તેમજ અફોર્ડેબલ હાઉસિંગની પ્રક્રિયાને વધુ વેગ મળે તે માટે નવી શરતની જમીનોને જૂની શરતમાં પરિવર્તિત કરવા નિયત કરવામાં આવ્યું હતું. આ નિર્ણયની પૂર્વ ભૂમિકા એ છે કે, રાજ્યમાં ખેતીના હેતુ માટે ધારણ કરેલ નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનના વેચાણ, તબદીલી તથા હેતુફેર કે શરતફેરના કિસ્સાઓમાં સંબંધિત કલેક્ટર કે યથા પ્રસંગ સરકારની નક્કી કરેલ શરતોને આધીન પૂર્વમંજૂરી લેવાની પ્રથા હાલ અમલમાં છે. ઉપરાંત આવી જમીનો શરતફેર કરવાના સમયે ખેડૂતોને જરૂરી પ્રિમિયમ પણ ભરવાનું રહે છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયથી પ્રિમિયમમાં પણ મુક્તિ અપાઇ છે.આ નિર્ણયને પગલે મહેસુલ વિભાગ દ્વારા જરૂરી ઠરાવ પ્રસિદ્ધ કરી ખેડૂતોને ખેતી તથા બિનખેતી હેતુ માટે શરતફેર કરવા માટે ભરવાપાત્ર પ્રિમિયમમાંથી મુક્તિ આપવા અને આવી જમીનો અંગે જે તે મામલતદારે જમીનને જૂની શરતમાં ફેરવવા માટે સ્વમેળે નોંધ પાડવા જણાવવામાં આવ્યું હતું.વડોદરા જિલ્લા કલેક્ટર ડો. અનિલ ધામેલિયા તથા નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલે ઉક્ત નિર્ણયની અમલવારી કરવા માટે ઝૂંબેશ ઉપાડવામાં આવી હતી અને પ્રાંત અધિકારીઓ તથા મામલતદારોને આ ઝૂંબેશમાં જોડવામાં આવ્યા હતા. તેના પરિણામ સ્વરૂપ માત્ર ત્રણ જ માસમાં નવી શરતના તમામ સર્વે નંબરોની જમીનોને જૂની શરતમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે.

સમગ્ર જિલ્લાનું ચિત્ર જોઇએ તો કુલ ૫૬૯ ગામોમાં આ નિર્ણય લાગું પડતો હતો. તેથી આ ગામોમાં કુલ ૫૯૪૩૯ સર્વે નંબરોની જમીનોને જૂની શરતમાં ફેરવવામાં આવી છે.

તાલુકા પ્રમાણે સર્વે નંબરોની સંખ્યા જોઇએ તો વડોદરા ગ્રામ્યમાં ૧૫૭૯, પાદરામાં ૯૩૩૯, કરજણમાં ૭૪૮૩, શિનોરમાં ૧૨૨૭, ડભોઈમાં ૧૦૨૩૧, વાઘોડિયામાં ૧૧૭૪૭, સાવલીમાં ૧૩૭૩૦, ડેસરમાં ૪૧૦૩ સર્વે નંબરોની જમીનોને જૂની શરતમાં ફેરવવામાં આવી છે.

# વાકો ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ માં ગુજરાતના ખેલાડીઓએ મેડલની વર્ષા વરસાવી



વડોદરાની કિકબોક્સિંગ ટીમે રાયપુર, છત્તીસગઢ ખાતે ૧૬ થી ૨૦ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન યોજાયેલી પ્રતિષ્ઠિત ★વાકો ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ (સિનિયર્સ અને માસ્ટર્સ)★માં શાનદાર પ્રદર્શન કરી ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ ચેમ્પિયનશિપમાં ૨૬ રાજ્યોના કુલ ૮૦૦ થી વધુ ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટ્સ અને કેટેગરીઝમાં ભાગ લીધો હતો. ગુજરાત તરફથી ૧૫ ખેલાડીઓ, ૨ કોચ, એક રેફરી અને એક અધિકારી સહિતની મજબૂત ટીમે ભાગ લીધો હતો. આ નેશનલ ચેમ્પિયનશિપ થકી અબુ ધાબી, દુબઈ ખાતે યોજાનારી વાકો વર્લ્ડ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ (સિનિયર્સ અને માસ્ટર્સ) માટે ખેલાડીઓની પસંદગી પ્લેટફોર્મ તરીકે પણ રહી હતી. વાકો ગુજરાતે કુલ ૪ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

ડિંકલ ગોરખાઃ પોઈન્ટ ફાઈટ -૬૦ કિલો સિનિયર મહિલા અને લાઈટ કોન્ટેક્ટ -૬૦ કિલોમાં ૨ ગોલ્ડ મેડલ જીત્યા.

હર્ષિત વ્યાસઃ પોઈન્ટ ફાઈટ -૮૪ કિલો સિનિયર પુરુષ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.

અરૂણ પાઠકઃ માસ્ટર્સ (વેટરન) કેટેગરીમાં પ્રથમ વખત ભાગ લઈને પોઇન્ટ ફાઈટ અને લાઈટ કોન્ટેક્ટ -૭૪ કિલો વેટરન પુરુષ કેટેગરીમાં ૨ સિલ્વર મેડલ મેળવી પ્રેરણાદાયક પ્રદર્શન આપ્યું.

અક્ષદા દળવીઃ પોઈન્ટ ફાઈટ +૭૦ કિલો સિનિયર મહિલા માં ગોલ્ડ મેડલ જીત્યા

આ સાથે ગર્લ્સ પોઈન્ટ ફાઈટ ટીમ (ડિંકલ ગોરખા, દિયા કોઠી, ઈશિતા ગાંધી અને અક્ષદા દળવી): ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.ટીમના રેફરી તરીકે શ્રી આકાશ બ્રહ્મભટ્ટએ યોગ્ય નિયમો અને ફેર પ્લે સુનિશ્ચિત કર્યા હતા.

ટીમના કોચ જયેન્દ્ર કોઠી અને રવિ વંઝારાએ રમતગમત દૌર્ય દરમિયાન ખેલાડીઓને ટેક્નિકલ અને ટેક્ટિકલ માર્ગદર્શન આપી મહેનતથી તૈયાર કર્યા હતા.ગુજરાત કિકબોક્સિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી સિદ્ધાર્થ ભાલેઘરે તમામ મેડલ વિજેતાઓને અભિનંદન પાઠવી અને ટીમની સિદ્ધિઓ પ્રત્યે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ખેલાડીઓને ભવિષ્યની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે શુભકામનાઓ આપી હતી.આ અભૂતપૂર્વ પરિણામ વડોદરા તથા ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.

મેડલ વિજેતાઓની યાદીઃ

હર્ષિત વ્યાસ – ગોલ્ડ (પોઈન્ટ ફાઈટ -84KG)

ડિંકલ ગોરખા – ગોલ્ડ (પોઈન્ટ ફાઈટ -60KG), ગોલ્ડ (લાઈટ કોન્ટેક્ટ -60KG)

અક્ષદા દળવી – ગોલ્ડ (પોઈન્ટ ફાઈટ +70KG), સિલ્વર (લાઈટ કોન્ટેક્ટ +70KG)

શ્રેયા પેઠે – સિલ્વર (લાઈટ કોન્ટેક્ટ -65KG)

અરૂણ પાઠક – સિલ્વર (પોઈન્ટ ફાઈટ -74KG વેટરન પુરૂષ), સિલ્વર (લાઈટ કોન્ટેક્ટ -૭૪હ્લય વેટરન પુરુષ)

ગર્લ્સ પોઈન્ટ ફાઈટ ટીમ – બ્રોન્ઝ (ડિંકલ ગોરખા, દિયા કોઠી, ઈશિતા ગાંધી, અક્ષદા દળવી)

દિયા કોઠી – બ્રોન્ઝ (પોઈન્ટ ફાઈટ -50KG)

# ગૌ રાષ્ટ્ર યાત્રા''નું જી.સી.સી.આઈ અને કિશાન ગૌ શાળા ના સંયુક્ત ઉપક્રમે રાજકોટ માં કિશાન ગૌ શાળા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ (રવિવાર) ના રોજ ''ગૌ રાષ્ટ્ર યાત્રા'' કિશાન ગૌશાળા આજીડેમ પાસે, રામવન ની સામે, રાજકોટ ગોંડલ બાયપાસ રોડ ખાતે પહોચી હતી. જ્યાં ય્ઝઝૈં અને કિશાન ગૌશાળા દ્વારા ભારત સરકારના પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ અધ્યક્ષ, ય્ઝઝૈં ના સ્થાપક ડૉ. વલ્લભભાઈ કથીરિયા, રાજકોટ ના મેયરશ્રી નયનાબેન પેઢડીયા ની વિશિષ્ટ ઉપસ્થિતિમાં ભવ્ય સ્વાગત સમારોહ યોજાવામાં આવ્યો હતો.

''ગૌ રાષ્ટ્ર યાત્રા'' નું સફળ નેતૃત્વ ભારતસિંહ રાજપુરોહિત (પ્રમુખ, પશુ કલ્યાણ અને કૃષિ સંશોધન સંસ્થા - છ્ઉછ્ઇૈં), નરેન્દ્ર કુમાર (સ્થાપક, હિંદ રાઈઝ ગૌ સંવર્ધન આશ્રમ અને રાષ્ટ્રીય ગૌસેવક સંઘ), રોહિત બિષ્ટ (સ્થાપક, માટી ઈન્ડિયા) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં મુખ્ય સહયોગી હર્ષદભાઈ ગુગુલિયા (સ્થાપક, કામધેનુ ગૌવેદ) સહિતની ટીમ કરી રહી છે.

''ગૌ રાષ્ટ્ર યાત્રા'' સ્વાગત સમારોહ પ્રસંગે ''ગૌ રાષ્ટ્ર યાત્રા''ને ગૌ માતા, નંદી દેવ, ભારત માતા ના જયઘોષ ના નારા સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત મહાનુભાવો, ગૌસેવકો, ખેડૂત ભાઈઓ બહેનોએ બિરદાવી હતી. ત્યારબાદ કિશાન ગૌ શાળાની મુલાકાત કરી કિશાન ગૌ શાળા દ્વારા કરવામાં આવતી ગૌ સેવાકીય પ્રવૃતિઓ વિષે માહિતી આપી અને ત્યાં જ તૈયાર કરવામાં આવતું ઓર્ગેનિક દાનેદાર ખાતર યુનિટ ની પણ મુલાકાત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો અને મહાનુભાવો, ગૌસેવકો, ખેડૂત ભાઈઓ બહેનોને ''ગૌ રાષ્ટ્ર યાત્રા'' વિષે માહિતી આપવા અંગે નો કાર્યકમ રાખેલ હતો જેમાં રાજકોટ ના મેયરશ્રી નયનાબેન પેઢડીયા, ડૉ. વલ્લભભાઈ કથીરિયા,ચંદ્રેશભાઈ પટેલ – કિશાન ગૌ શાળા, રમેશભાઈ રૂપારેલીયા – ગીર ગૌ જતન સંસ્થાન, ગોંડલ, કચ્છથી આર.એસ.એસ.ની ગૌ સેવા ગતિવિધિના પ્રતિનિધિ શ્રી મેઘજીભાઈ હિરાણી,કાંતિભાઈ ભૂત - સહજાનંદ ગૌ શાળા, રમેશભાઈ ઠક્કર શ્રીજી ગૌ શાળા, ધીરેન્દ્ર કાનાબાર – સદભાવના બળદ આશ્રમ,પ્રખર ગૌ સેવક અને ઉદ્યોગપતિ હિરેનભાઈ હાપલિયા દ્વારા ''ગૌ રાષ્ટ્ર યાત્રા'' ને અનુલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ ''ગૌ રાષ્ટ્ર યાત્રા''ના મહત્ત્વ પર પ્રકાશ પાડતા કહ્યું કે આ યાત્રા માત્ર ધાર્મિક કે પ્રતિકાત્મક કાર્યક્રમ નથી, પણ ભારતના સાંસ્કૃતિક પુનર્જાગરણની આધારશીલા છે. ગૌ માતા ભારતીય જીવન પદ્ધતિની આત્મા છે. જે માત્ર આપણા આહાર, કૃષિ અને આરોગ્યનું જ નહીં, પરંતુ રાષ્ટ્રીય આત્મનિર્ભરતા, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામ્ય વિકાસની પણ મુખ્ય કડી છે. આ યાત્રા દ્વારા જન જનને સંદેશો આપવામાં આવે છે કે જ્યાં સુધી ગૌ માતાનું સંરક્ષણ અને સંવર્ધન નહીં થાય, ત્યાં સુધી ભારતને સંપૂર્ણ રૂપે સમૃદ્ધ, સંસ્કારિત અને આરોગ્યપ્રદ રાષ્ટ્ર બનાવવું શક્ય નથી. ગૌ રાષ્ટ્ર યાત્રા એ એક આંદોલન છે, જે દેશના છેડા સુધી ગૌ આધારિત અર્થતંત્ર, પ્રાકૃતિક ખેતી, પંચગવ્ય ચિકિત્સા, ગૌચર વિકાસ અને ગૌ ઉદ્યોગોને પુનઃસ્થાપિત કરવાની પ્રેરણા આપે છે. ડૉ. કથીરિયાએ જણાવ્યું હતું કે આ યાત્રા ભારતના ગામો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓને જોડીને ''ગ્રામ સ્વરાજ્ય'' અને ''રાષ્ટ્ર સ્વાભિમાન''ની ભાવનાને મજબૂત બનાવે છે. તેમણે એ પણ આહ્વાન કર્યું કે દરેક નાગરિકે આ પવિત્ર કાર્યમાં સહભાગી બનીને ભારતને ફરીથી ''ગૌ માતાના ચરણોમાં સમર્પિત રાષ્ટ્ર'' બનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. આ યાત્રા માત્ર ગૌ સેવા જ નહીં, પરંતુ સમગ્ર માનવજાતિના કલ્યાણનો માર્ગ પણ પ્રશસ્ત કરે છે.

આ અવસરે ખેડૂતો અને ગૌશાળાઓ માટે આત્મનિર્ભરતા નો મંત્ર કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનસમૂહને સંબોધિત કરતાં છ્ઉછ્ઇૈંના અધ્યક્ષ ભારતસિંહ રાજપૂરોહિતે ગૌમાતાના આર્થિક અને સામાજિક મહત્વ પર પ્રકાશ પાડ્યો. ભારતસિંહ રાજપૂરોહિતજી એ ખાસ ભારપૂર્વક કહ્યું કે દેશી ગૌવંશના યોગ્ય સંચાલન અને ગૌ આધારિત કૃષિ પદ્ધતિઓ અપનાવવાથી ખેડૂતની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકાય છે. ભારતસિંહ રાજપૂરોહિતજીએ વિગતવાર સમજાવ્યું કે ગૌપાલનને માત્ર પરંપરાગત પ્રવૃત્તિ તરીકે નહિ, પણ એક સશક્ત અને લાભદાયક આર્થિક મોડલ તરીકે જોવુ જોઇએ, જે ગ્રામ્ય અર્થતંત્રની ધરતી બની શકે છે. રાજ્ય તેમજ દેશભરની ગૌશાળાઓ માટે આત્મનિર્ભર બનવાનો એક સ્પષ્ટ માર્ગ પણ દર્શાવ્યો. તેમણે જણાવ્યું કે ગૌશાળાઓ માત્ર ગૌવંશના આશ્રય સ્થાનોના રહે, પણ ગૌમૂત્ર, ગોબર તથા અન્ય ગૌ ઉત્પાદનના નિર્માણ કેન્દ્ર બને. આવી રીતે ગૌશાળાઓ દ્વારા આયુર્વેદિક દવાઓ, કારખાનામાં વપરાતા ઈન્પુટ, જીવાણુનાશક, નૈતિક વપરાશની વસ્તુઓ અને ઓર્ગેનિક ખાતર જેવી વસ્તુઓનું ઉત્પાદન કરીને પોતાની આર્થિક જરૂરિયાતો પુરી કરી શકે છે અને એક સારો નફો પણ મેળવી શકે છે. જેના કારણે ગૌ સંરક્ષણનું કાર્ય નાણાકીય રીતે ટકાઉ અને આત્મનિર્ભર બની શકે છે.

# ગુજરાતમાં મેઘમહેર: ૯૮ તાલુકામાં વરસાદ

ગુજરાતમાં આગામી ૨૪ જુલાઈ સુધી છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે, હવામાન વિભાગે આજે રવિવારે (૨૦ જુલાઈ) સૌરાષ્ટ્રના ૮ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ જાહેર કર્યું છે, ત્યારે આજે ૯૮ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ જૂનાગઢના માંગરોળ ૩.૫૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ચાલો જાણીએ ક્યાં-કેટલો વરસાદ નોંધાયો. હવામાન વિભાગના ર્દુષ્ઠક્રજં મુજબ, આજે રવિવારે સાંજે ૪ વાગ્યાથી ત્રણ કલાક એટલે કે સાંજે ૭ વાગ્યા સુધીમાં કચ્છ, જામનગર અને રાજકોટ જિલ્લામાં રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી સહિતના જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં આજે (૨૦ જુલાઈ) સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં ૯૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જામનગરના જોડિયામાં ૨.૮ ઈંચ, ગીર સોમનાથના સુત્રાપાડામાં ૧.૩૮ ઈંચ, જૂનાગઢના કેશોદમાં ૧.૨૬ ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ સિટીમાં ૧.૨૨-૧.૨૨ ઈંચ, જામનગરના જામજોધપુર, મોરબીના ટંકારા અને જૂનાગઢના વંથલીમાં ૧-૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે જૂનાગઢના મેંદરડા, પાટણના સરસ્વતી, દેવભૂમિ દ્વારકાના ભાનવડ, ગીર સોમનાથ પાટણ-વેરાવળ, જામનગરના ધ્રોલ, જૂનાગઢના માણાવદર, દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર, જૂનાગઢના માળિયા હાટીના, રાજકોટના જામકંડોરાણા સહિતના ૭૯ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ નોંધાયો છે.

# મિલીભગત કરી લોકોને લૂંટતા બિલ્ડર અને બેન્ક કર્મચારીઓ



સીબીઆઈએ બિલ્ડર્સ અને બેન્કોની મિલિભગત મામલે નોંધાયેલા કેસોની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે દિલ્હી-એનસીઆરમાં આ પ્રકારના ૨૨ કેસ નોંધવા જઈ રહી છે. ભ્રષ્ટાચારના આરોપોમાં ઘણા બિલ્ડર્સ અને બેન્કના અધિકારીઓ પર સંકજો કસવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ મામલે કાર્યવાહી કરવા લીલી ઝંડી આપી છે. સીબીઆઈનો સીલબંધ રિપોર્ટ મળ્યા બાદ સુપ્રીમે કહ્યું કે, આ રિપોર્ટ ચોંકાવનારો છે.

સુપ્રીમ કોર્ટે કેસ નોંધ્યા પછી સીબીઆઈને પ્રાથમિક તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, કેટલીક રિયલ એસ્ટેટ કંપનીઓ તેમના પ્રોજેક્ટ્સ માટે ઘર ખરીદનારાઓને લોન અપાવવા માટે બેન્કો સાથે સાંઠગાંઠ કરાવે છે. જો કે, આ પ્રોજેક્ટ્સ ક્યારેય પૂરા થતા નથી, જેના કારણે સામાન્ય માણસ લોનના બોજા તળે દબાઈ જાય છે અને ઘરનું ઘર મેળવવાથી વંચિત રહી જાય છે. બેન્કો અને બિલ્ડર્સ ભેગા મળી પૈસા પડાવી રહ્યા હોવાની બાતમીના આધારે તપાસ હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે સીબીઆઈની તપાસ પર સંતોષ વ્યક્ત કરતાં તેને વધુ તપાસ માટે વધારાનો સમય પણ આપ્યો છે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આદેશ આપ્યો છે કે, જો તપાસમાં કોઈ અવરોધ આવે તો સીબીઆઈ ગમે ત્યારે કોર્ટની મદદ લઈ શકે છે. ઘર ખરીદનારાઓને હેરાન કરવા અને તેમની પાસેથી પૈસા પડાવવા માટે બેન્કો સાથે મિલીભગતના કેસમાં ઘણા બિલ્ડર્સ સીબીઆઈની તપાસના સંકજામાં આવી શકે છે. કેન્દ્રીય એજન્સીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે દિલ્હી-એનસીઆરમાં વિવિધ બિલ્ડર્સ સામે ૨૨ કેસ નોંધવાની યોજના બનાવી રહી છે. તદુપરાંત, તેણે અન્ય શહેરોના બિલ્ડર્સની તપાસ માટે વધુ સમય પણ માંગ્યો હતો.

સીબીઆઈ તરફથી અપીલ કરી રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એશ્વર્યા ભાટીએ બેન્ચને જણાવ્યું હતું કે, તપાસને વેગ આપતાં નિષ્કર્ષ સુધી પહોંચાડવામાં વધુ સમય લાગશે. સીબીઆઈએ અત્યારસુધી ૫૮થી વધુ સંપત્તિઓની તપાસ કરી છે. એક હજારથી વધુ સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી છે. સીબીઆઈએ સમગ્ર મામલે સીલબંધ રિપોર્ટ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કર્યો છે. બેન્ચે સીબીઆઈની તપાસ પર સંતોષ વ્યક્ત કરતાં સંપૂર્ણ તપાસ માટે છ સપ્તાહનો વધુ સમય આપવામાં આવ્યો છે.

# ફોરેસ્ટ સ્ટાફ પર કુહાડી- કરવતના ઘા કરીને ચંદન ચોરો નાસી છુટયા



ગત રાત્રે દાતાર પર્વતની સીડી પર વનતંત્રનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તેવામાં લાકડા કપાતા હોવાનો અવાજ આવતો હતો. આ અંગે તેણે અન્ય કર્મચારી અને અધિકારીઓને જાણ કરતા વનતંત્રનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જે વિસ્તારમાં અવાજ આવતો હતો તેને કોર્ડન કર્યો હતો. જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશામાં વનકર્મીઓ પહોંચતા ચંદન ચોર ટોળકીએ વનતંત્રના સ્ટાફ પર કુહાડી અને કરવતના ઘા કરી નાસી છુટયા હતા. વનતંત્રએ હજુ પણ આ વિસ્તારને કોર્ડન કરીને ચંદન ચોર ટોળકીને પકડવા કોમ્બીગ શરૂ રાખ્યું છે.

ગિરનારના જંગલમાં અનેક સ્થળે કિંમતી ચંદનના વૃક્ષો આવેલા છે. અનેકવાર ચંદનની તસ્કરી કરવામાં આવી છે. ઘણીવાર ચંદન ચોર ટોળકી પકડાઈ ગઈ છે અને ઘણીવાર હાથ લાગતી નથી. સોમવારના રાત્રીના સમયે દાતાર પર્વતની સીડીના ૩૦૦ પગથિયાની સામે ડાબી બાજુ ૫૦૦ મીટર દુર ચંદનના વૃક્ષો આવેલા છે તેને કાપવામાં આવતા હોય તેવો અવાજ આવતો હતો. વનતંત્રના શ્રમિકોએ આ અવાજ સાંભળી ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા તેઓ ૧૫થી ૨૦ જેટલા વનકર્મી અને અધિકારીઓ તાત્કાલીક ત્યાં દોડી જઈ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.

# યુક્રેન સહિત ૧૦ દેશમાં ઝડપથી ઘટી રહી છે વસ્તી

વિશ્વની વસ્તી ખૂબ જ ઝડપી વધી રહી છે. હજારો વર્ષોના અંતરાલમાં ધરતી પર માનવ વસ્તી એક અબજ સુધી પહોંચી ગઈ હતી. પરંતુ પછી એક અબજથી આઠ અબજ સુધી પહોંચવામાં માત્ર ૨૦૦ વર્ષ લાગ્યા. વર્ષ ૧૯૬૦ થી અત્યાર સુધી એટલે કે ૬૫ વર્ષમાં વિશ્વની વસ્તી ૩ અબજથી વધીને આઠ અબજ સુધી પહોંચી ગઈ છે. પરંતુ આ જોરદાર વૃદ્ધિ વચ્ચે કેટલાક એવા દેશો છે, જ્યાં માનવ સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. આ સાથે તુવાલુ નામના દેશનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે.



પશ્ચિમ-મધ્ય પ્રશાંત મહાસાગરમાં આવેલા આ ટાપુ દેશની વસ્તી માત્ર ૧૦ હજાર છે અને હવે તેમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

વર્ષ ૨૦૧૧માં વિશ્વની વસ્તી ૭ અબજ હતી અને માત્ર ૧૪ વર્ષમાં આ આંકડો વધીને એક અબજ પર પહોંચી ગયો છે. સંયુક્ત રાષ્ટ્રનો અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વની વસ્તી ૮.૬ અબજ પર પહોંચી જશે. અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં આ આંકડો ૯.૮ અબજ અને ૨૧૦૦ માં તે ૧૧.૨ અબજ થઈ જશે. પરંતુ યુક્રેન, જાપાન અને ગ્રીસ જેવા કેટલાક એવા દેશો છે, જ્યા વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે. યુક્રેનમાં ૨૦૨૨-૨૩ માં એટલે કે એક વર્ષની અંદર વસ્તીમાં ૮.૧૦ ટકાનો ઘટાડો થયો હતો. આ ઘટાડાનું કારણ દેશમાં ચાલી રહેલા યુદ્ધમાં લોકોના મોત અને દેશમાંથી મોટી સંખ્યામાં સ્થળાંતર હોવાનું માનવામાં આવે છે.

# જામ્બુવા બ્રિજ વડોદરા પાસે ૧૫ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ



નજીકના નેશનલ હાઈવે ૪૮ ઉપર ફરી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. જેમાં આજે (૨૩ જુલાઈ) સવારે જામ્બુવા બ્રિજ પાસે ૧૫ કિલોમીટર સુધીના ટ્રાફિક જામને કારણે વાહન ચાલકો બે કલાકથી અટવાયા હતા. નેશનલ હાઈવે ઓથોરિટી ટોલ ઉઘરાવવામાં મસ્ત છે, પરંતુ વાહન ચાલકોને સુવિધા આપવામાં નિષ્ફળ નીવડ્યાં છે. જેના પરિણામે વરણામાથી તરસાલી સુધીના માર્ગ ઉપર મોટા-મોટા ખાડા પડી ગયા છે. ખાડાઓના કારણે વાહન ચાલકો માટે જામ્બુવા બ્રિજ ઉપરથી પસાર થવું કપરું સાબિત થઈ રહ્યું છે.

વડોદરા નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર આજે વહેલી સવારથી જ જામ્બુવા બ્રિજ હાઈવે ૪૮ના રોડ ઉપર ટ્રાફિક જામ થતાં અનેક વાહન ચાલકો સહિત હાલાકી ભોગવવી પડી હતી. ૧૫ કિલોમિટર લાંબા ટ્રાફિકજામમાં એમ્બ્યુલેન્સ પણ અટવાઈ ગઈ હતી.

તમને જણાવી દઈએ કે, અગાઉ ૧૯ જૂન, ૨૬ જૂન, ૨૮-૨૯ જૂનના રોજ ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. જ્યારે હવે આ પ્રકારે આજે પણ અનેક વાહનચાલકોને ટ્રાફિકથી મુશ્કેલી પડી હતી. જેમાં ૩૪ દિવસમાં ૫ વખત ટ્રાફિકજામ સર્જાતા સ્થાનિકો અને વાહન ચાલકો ત્રાહિમામ પૂકારી ઉઠ્યા છે.

વાહન ચાલકો અને સ્થાનિકોનું કહેવું છે કે, 'રસ્તા પર મોટા ખાડા પડી ગયા છે અને રોડ એકદમ બત્તર હાલતમાં છે. જેના કારણે વાહન ચાલકોને હાલાકી પડી રહી છે અને ખાડાના કારણે વાહન ધીમી ગતિએ ચલાવતા ટ્રાફિકજામની સ્થિતિ ઊભી થાય છે.'

# ગિરનાર જતા પ્રવાસીઓ માટે મહત્ત્વના સમાચાર

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગે આગામી ૬ દિવસ વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે, ત્યારે જૂનાગઢમાં ભારે પવન અને વરસાદી વાતાવરણને લઈને ગિરનાર રોપ-વે સેવા બંધ કરવામાં આવી છે. જ્યારે વાતાવરણ સાફ જણાતા ફરી ગિરનાર રોપ-વે સેવા શરૂ કરાશે.

મળતી માહિતી મુજબ, જૂનાગઢના ગિરનાર ખાતે છેલ્લા ઘણા દિવસથી પવનની ગતિ વધી હોવાને લઈને ગિરનાર રોપ-વે હાલ પૂરતો બંધ કરાયો છે. રોપ-વે સંચાલકનું કહેવું છે કે, ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ કરી છે, ત્યારે એડવાન્સમાં બુકિંગ કરાયેલા લોકોને મેસેજ કરીને આ મામલે જાણ કરવામાં આવી છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો છે. જ્યારે ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવવાની સ્થિતિને લઈને તંત્રએ સુરક્ષાના ભાગ રૂપે હાલ રોપ-વે સેવા અટકાવી છે. આમ વાતાવરણ ચોખ્ખું થતાં ફરી શ્રદ્ધાળુઓની સુવિધા માટે રોપ-વે સેવા શરૂ કરવામાં આવશે.

# જૂન ત્રિમાસિકમાં ૩૫૫ કરાર મારફત વેન્ચર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ વધી ૩.૫૦ અબજ ડોલર રહ્યું

વૈશ્વિક વીસી રોકાણ પ્રવૃત્તિમાં ધીમી ગતિ વચ્ચે ભારતમાં આ વધારો જોવા મળ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતા હોવા છતાં ઘરઆંગણે વેન્ચર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટની સારી કામગીરી જોવા મળી છે. વર્ષ ૨૦૨૫ના માર્ચ ત્રિમાસિકની સરખામણીએ જૂન ત્રિમાસિકમાં ૩૫૫ કરાર મારફત દેશમાં વેન્ચર કેપિટલ (વીસી) ઈન્વેસ્ટમેન્ટ વધી ૩.૫૦ અબજ ડોલર રહ્યું છે. માર્ચ ત્રિમાસિકમાં ૪૫૬ સોદામાં કુલ ૨.૮૦ અબજ ડોલરનું વીસી રોકાણ આવ્યું હતું. એકંદર એશિયા વીસી ક્ષેત્રની વાત કરીએ તો, ભારતની કામગીરી તેના કરતા શ્રેષ્ઠ રહી છે. વિશ્વ સ્તરે વીસી ઈન્વેસ્ટમેન્ટના સૌથી વધુ સોદા અમેરિકામાં જોવા મળ્યા છે. દેશના મહત્વના ક્ષેત્રો જેમ કે ફિનટેક, હેલ્થટેક તથા લોજિસ્ટિકસમાં રોકાણકારોનો મજબૂત રસ રહ્યો છે, જે ભારતની નવીનતાની ક્ષમતાનું પ્રતિબિંબ પૂરુ પાડે છે.જૂન ત્રિમાસિકમાં આવેલા વીસી ફન્ડિંગમાં સૌથી વધુ ફન્ડિંગ ફિનટેક ક્ષેત્રમાં જોવા મળ્યું છે. અમેરિકામાં ફિનટેકના જાહેર ભરણાંને મળેલી સફળતાથી આ ક્ષેત્ર માટે રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો છે. ભારતની મજબૂત ફિનટેક સ્ટાર્ટઅપ્સને પણ ટૂંક સમયમાં બજારમાંથી ભંડોળ ઊભા કરવામાં સફળતા મળી રહેશે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચેાે આ ક્ષેત્ર માટે સ્થિતિ આશાસ્પદ જણાય છે. ફિનટેક ઉપરાંત, હેલ્થકેર અને લોજિસ્ટિક સ્ટાર્ટઅપ્સમાં પણ આકર્ષણમાં વધારો જોવા મળી રહ્યો છે. એઆઈ સંચાલિત ઉકેલોએ આ ક્ષેત્ર માટે રસ જગાડયો છે.એશિયા વિસ્તારની વાત કરીએ તો જૂન ત્રિમાસિકમાં આ ક્ષેત્રમાં ૧૨.૮૦ અબજ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ આવ્યું છે, જે માર્ચ ત્રિમાસિકમાં રહેલા ૧૨.૬૦ અબજ ડોલરની સરખામણીએ સહેજ વધુ છે. આ વિસ્તારમાં વીસી સોદાની સંખ્યા ૨૬૬૩ પરથી જોરદાર ઘટી ૨૦૨૨ પર આવી ગઈ હતી. વૈશ્વિક સ્તરે વીસી ફન્ડિગ ૧૨૮.૪૦ અબજ ડોલરથી ઘટી ૧૦૧.૦૫ અબજ ડોલર રહ્યું છે. ભૌગોલિકરાજકીય તથા આર્થિક પડકારો વચ્ચે પણ એઆઈ તથા ડિફેન્સટેકમાં આકર્ષણ જોવા મળ્યું હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું હતું. એઆઈમાં મોટા કરારને કારણે અમેરિકામાં ૩૪૨૫ સોદામાં ૭૨.૭૦ અબજ ડોલરનું સૌથી વધુ ઈન્વેસ્ટમેન્ટ શકય બન્યું છે.

# મનુષ્યનું શરીર અંદરથી આપમેળે સળગી શકે?ડો.હાર્દિક અમીન મનુષ્યનું શરીર અંદરથી આપમેળે સળગી શકે?



આજથી આશરે ૭૦ થી ૮૦ વર્ષ પહેલા જર્મનીમાં એક રહસ્યમય ઘટના ઘટી. એક દાદીમાં જેમની ઉંમર આશરે ૬૫ વર્ષ હતી તે, પોતાના ઘરમાં એક દિવસ સાંજે સાતેક વાગ્યા ના સમયે આરામ ખુરશીમાં આરામ કરી રહ્યા હતા ત્યારે જ, તેમનું શરીર અંદરથી આપમેળે જ સળગવા માંડ્યું અને અમુક સેકન્ડોમાં જ તે આગ શરીરના બહારના ભાગ સુધી ફેલાઈ ગઈ, આગ એટલી ભયાનક હતી કે દાદીમાં બે મિનિટમાં તો બળીને ખાખ થઈ ગયા. આ ઘટનાની જાણ થતા અનેક ડોક્ટર્સ તેમજ સંશોધકો ની ટીમો ત્યાં આવી પહોંચે પરંતુ આ ઘટનાનું સાચું કારણ જાણી ન શકાયું .સમય જતા દુનિયાના બીજા દેશોમાં પણ આવા પાંચથી સાત કિસ્સા ધ્યાનમાં આવ્યા. વૈજ્ઞાનિકોના અનેક પ્રયત્નો પછી એ શોધી કાઢવામાં આવ્યું કે, આવું કેમ બને છે વાસ્તવમાં સૂર્યમાંથી આવતા પ્રકાશના કિરણો સાથે પાયરોટ્રોન નામના કણો વિકિરણ સ્વરૂપે પૃથ્વી પર આવે છે. આપણે સૂર્યપ્રકાશની હાજરીમાં ઘરની બહાર નીકળ્યા હોઈએ ત્યારે, તે પાયરોટ્રોન વિકિરણો આપણી ઉપર આપાત થાય છે પરંતુ તે આપણા શરીરમાંથી આરપાર નીકળી જતા હોય છે જેનો આપણને ખ્યાલ પણ નથી આવતો. પરંતુ ઉપરોક્ત જેટલા પણ કિસ્સાઓ આવી રીતે આપમેળે સળગી ઊઠવાના બનાવના બન્યા, તેમાં એવું જાણવા મળ્યું કે તે પાયરોટ્રોન વિકિરણો જે તે મનુષ્ય પર પડે છે એટલે કે આપાત થાય છે પરંતુ તેમના શરીરમાંથી આરપાર નીકળી શકતા નથી અને આવા શક્તિશાળી વિકિરણો શરીરમાં એકઠા થાય છે,ત્યારે તેમની દહન પ્રક્રિયા શરૂ થાય છે જેથી શરીરના અંગો અંદરની તરફથી સળગવા લાગે છે તેની ઊર્જા એટલી બધી હોય છે કે અમુક સેકન્ડોમાં જ મનુષ્યનું શરીર બળીને ખાખ થઈ જાય છે.આવી ઘટનાઓ પાછળનું કારણ પણ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું. વાસ્તવમાં જે મનુષ્ય આ ઘટનાઓનો ભોગ બન્યા હતા તે દરેકના જનીનમાં જે તે સમયે કોઈ ખામી સર્જાઈ હતી જેના કારણે સૂર્યમાંથી આવતા પાયરોટ્રોન વિકિરણો તેઓના શરીરમાંથી આરપાર નીકળી ન શક્યા અને શરીરમાં જ સંગ્રહ થયા જેની દહન પ્રક્રિયાના કારણે તે તમામ લોકો મોતને ભેટ્યા. વૈજ્ઞાનિકોના મત મુજબ આવું થવાનું કોઈ ખાસ કારણ ન હોઈ શકે આ પ્રકારની ઘટના ગમે તે વ્યક્તિ સાથે ગમે ત્યારે બની શકે. વૈજ્ઞાનિકોએ આ ઘટનાને માણસનું આપમેળે સળગવું( જીહંક્રહીંજ ઊઁદ્બક્રહ ર્ઝદ્બહ્વજૈંહ) એવું નામ આપેલું છે, પરંતુ હાલની આધુનિક ટેકનોલોજી પ્રમાણે પણ આ ઘટનાથી બચવા માટે શું કરવું તેનો ઉકેલ શોધી શકાયો નથી.

# બિલો પર મંજૂરી માટે સમયરેખા અંગે રાષ્ટ્રપતિ મુર્મુના ૧૪ પ્રશ્નોની તપાસ કરવા સુપ્રીમ કોર્ટ સંમત



નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે મંગળવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલો પર રાજ્યપાલો અને રાષ્ટ્રપતિએ કયા સમયગાળામાં કાર્યવાહી કરવી જોઈએ તે અંગે ઉઠાવવામાં આવેલા મહત્વપૂર્ણ બંધારણીય પ્રશ્નોની શ્રેણીની તપાસ કરવા સંમતિ આપી હતી. આ વિકાસ બંધારણની કલમ ૧૪૩ ના દુર્લભ ઉપયોગને અનુસરે છે, જે રાષ્ટ્રપતિને કાયદાના મુદ્દાઓ અથવા જાહેર મહત્વના તથ્યો પર કોર્ટના સલાહકાર અભિપ્રાય મેળવવાની સત્તા આપે છે.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળ અને ન્યાયાધીશ સૂર્યકાંત, વિક્રમ નાથ, પી.એસ. નરસિંહા અને એ.એસ. ચાંદુરકરનો સમાવેશ કરતી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેંચ ઓગસ્ટના મધ્યમાં આ મામલાની સુનાવણી શરૂ કરશે. કોર્ટ ૨૯ જુલાઈના રોજ સુનાવણીના સમયપત્રકને અંતિમ સ્વરૂપ આપે તેવી અપેક્ષા છે.રાષ્ટ્રપતિના ૧૪ પ્રશ્નો સુપ્રીમ કોર્ટના ૮ એપ્રિલના ચુકાદાને પગલે આવ્યા છે, જેમાં રાજ્યપાલોને રાજ્ય બિલો પર કાર્યવાહી કરવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. ચુકાદામાં જણાવાયું છે કે રાજ્યપાલ પાસે કલમ ૨૦૦ હેઠળ કોઈ વિવેકાધિકાર નથી અને તેમણે મંત્રી પરિષદની સહાય અને સલાહ પર કડક રીતે કાર્ય કરવું જોઈએ. આ ચુકાદાથી રાજ્ય સરકારોને રાષ્ટ્રપતિ બિલને મંજૂરી આપવાનું બંધ કરે તો સીધા સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની મંજૂરી મળી.

રાષ્ટ્રપતિ મુર્મુ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોમાં શું બંધારણીય જોગવાઈઓના અભાવે સમયમર્યાદા ન્યાયિક રીતે લાદી શકાય છે, રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોની ન્યાયિકતા, અને શું કલમ ૩૬૧ અદાલતોને તેમની કાર્યવાહીની સમીક્ષા કરવાથી રોકે છે. તેમણે એમ પણ પૂછ્યું કે શું અદાલતો બિલ કાયદો બને તે પહેલાં તેની સામગ્રીનો નિર્ણય કરી શકે છે, અને શું કલમ ૧૪૨ સુપ્રીમ કોર્ટને બંધારણીય પ્રક્રિયાઓને ઓવરરાઈડ કરવાની મંજૂરી આપે છે.

નોંધપાત્ર રીતે, રાષ્ટ્રપતિએ એ પણ પ્રશ્ન કર્યો કે શું રાજ્યપાલની સંમતિ વિના રાજ્યનો કાયદો માન્ય છે અને શું કલમ ૧૩૧ કેન્દ્ર-રાજ્ય વિવાદોને ઉકેલવા માટેનો એકમાત્ર માર્ગ છે.

કેન્દ્ર-રાજ્ય સંબંધોમાં આ સંદર્ભને એક મહત્વપૂર્ણ ક્ષણ તરીકે જોવામાં આવે છે, ખાસ કરીને રાજ્યપાલો અને વિપક્ષ શાસિત રાજ્યો વચ્ચે વધતા ઘર્ષણને ધ્યાનમાં રાખીને. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું કે પ્રશ્નો ×એટલા જાહેર મહત્વ×ના છે કે સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય યોગ્ય છે.આ પગલું માત્ર રાજ્યપાલો અને રાષ્ટ્રપતિની સત્તાઓ અને ફરજોના વ્યાપક બંધારણીય અર્થઘટન માટે દરવાજા ખોલે છે, પરંતુ સંઘીય માળખામાં સંસ્થાકીય નિયંત્રણો અને સંતુલનને સ્પષ્ટ કરવા માટેનો માર્ગ પણ સુયોજિત કરે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.